सत्यमेव जयते

## સુરતના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. સુરત

**ફોજદારી કેસ રેલવે નંબર–૨૯/૨૦૨૬**

**આંક–૨૨**

**::નમૂના – અ::**

| | |
|---|---|
| **મે.સુરત ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
| ચુકાદાની તારીખ | ૨૩–૦૩–૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૯/૨૦૨૬ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૮૧ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૫–૧૦–૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પો.સ્ટે.સુરત |
| ફરિયાદ પક્ષ | શ્રી સ.ત.પો.હે.કો.મહેશકુમાર માલજીભાઈ ચરપોટ |
| રજુઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **૧)વિનોદ ભુવનેશ્વર ગુપ્તા,**<br>ઉ.વ.૩૯, ધંધો : મજુરી,<br>રહે.: હાલ.મ.નં.૦૮ અફસાનાની ચાલ કબ્રસ્થાન રોડ સી.એન.જી.ગેસ ડેપો પાસે વાપી. તા.વાપી, જિ.વલસાડ<br>મુળ રહે.નૌગાનગર–૪ ભુરીયા બાપા મંદિર પાસે થાના.રામનગર, તા.રામનગર, જિ.મૈચાર(એમ.પી.)<br>**૨)રોશનીબેન વા/ઓ રજનીશભાઈ રમેશભાઈ હિંગળે,**<br>ઉ.વ.૪૪, ધંધો : મજુરી,<br>રહે.: ઘર નં.૪૦, પ્રિયંકા ડીંડોલી ઉધના સુરત. |
| આરોપી પક્ષ ની રજુઆત | – |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૫–૧૦–૨૦૨૫ |

| | |
|---|---|
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૨૫–૧૦–૨૦૨૫ |
| આખરી માહિતી અહેવાલની તારીખ | ૨૬–૧૨–૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૨–૦૧–૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૨–૦૨–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૩–૦૩–૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **વિનોદ ભુવનેશ્વર ગુપ્તા,** ઉ.વ.૩૯, ધંધો : મજુરી, રહે.: હાલ.મ.નં.૦૮ અફસાનાની ચાલ કબ્રસ્થાન રોડ સી.એન.જી.ગેસ ડેપો પાસે વાપી. તા.વાપી, જિ.વલસાડ મુળ રહે.નૌગાનગર–૪ ભુરીયા બાપા મંદિર પાસે થાના.રામનગર, તા.રામનગર, જિ.મૈચાર(એમ.પી.) | ૨૫/૧૦/૨૦૨૫ | ૨૩/૧૧/૨૦૨૫ | પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ), ૮૧ | નિર્દોષ ઠરાવી છોડી મુકયો | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | **રોશનીબેન વા/ઓ રજનીશભાઇ રમેશભાઇ હિંગળે,** ઉ.વ.૪૪, ધંધો : મજુરી, રહે.: ઘર નં.૪૦, પ્રિયંકા ડીંડોલી ઉધના સુરત. | ૨૫/૧૦/૨૦૨૫ | ૨૭/૧૧/૨૦૨૫ | પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ), ૮૧ | નિર્દોષ ઠરાવી છોડી મુકયો | – | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સ.૧ | મહેશકુમાર માલજીભાઇ | ૮ | ફરિયાદી |
| ફ.સ.૨ | વિજય રાજાભાઉ જોષી | ૧૦ | પંચ |
| ફ.સ.૩ | ઓમપ્રકાશ રોહિતશા ગુપ્તા | ૧૨ | પંચ |
| ફ.સ.૪ | રણજીતસિંહ મફતસિંહ રાઠોડ | ૧૨-બી | ત.ક.અ. |
| ફ.સ.૫ | સન્મુખભાઇ ગોવિંદભાઇ | ૧૩ | ત.ક.અ. |
| ફ.સ.૬ | જેતાભાઇ દલાભાઇ | ૧૫ | ત.ક.અ. |
| ફ.સ.૭ | રવિન્દ્રભાઇ પ્રતાપભાઇ | ૧૭ | ત.ક.અ. |

**બ) બચાવ પક્ષ**

| **અનુ નં** | **સાહેદનુ નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| **અનુ નં** | **સાહેદનુ નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :– ઉપરોકત સાક્ષીના પુરાવ ના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ નં.** | **આંક સખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ફ – ૯ | ફરિયાદ |
| ૨ | આંક ફ – ૧૧ | પંચનામુ |
| ૩ | આંક ફ – ૧૪ | તપાસ હુકમ |
| ૪ | આંક ફ – ૧૬ | ગુનો દાખલ કરવાનો રીપોર્ટ |
| ૫ | આંક ફ – ૧૮ | અટક પંચનામુ |
| ૬ | આંક ફ – ૧૯ | પીએસઓ સુરતને આપેલ પત્ર |

**બ) બચાવ પક્ષ**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| **અનુ નં** | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ ૫–૧ | – |
| ૨ | ભૌ ૫–૨ | – |

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કામના આરોપીઓએ તા.૨૫/૧૦/૨૦૨૫ ના રોજ પરપ્રાંતમાંથી ભારતીય બનાવટનો ઇંગલીશ દારુનો જથ્થો ગુ.રા.પ્રોહી એરીયામાં વગર પાસ પરમીટે કુલ રૂા.૯૭,૩૭૦/– નો મુદદામાલ પોતાના કબજામાં રાખી લઇ જતા પકડાઇ જઇ પ્રોહી કલમ–૬૫ (ઇ), ૮૧ મુજબનો ગુન્હો કરેલ હોય

આ અંગે આરોપી સામે સુરત જી.આર.પી. પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૯૨૭/૨૦૨૫ થી નોંધી, તપાસ કરતા પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **કોર્ટ કાર્યવાહી :–**

આ કામના આરોપીઓને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી સામે આંક–૪ થી તહોમતનામુ ફરમાવી આંક–૫, ૬ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે, જેથી કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩) આરોપીનુ વિશેષ નીવેદન :–**

આ કામે પુરાવો પુરો થયા બાદ આરોપીને વિશેષ નીવેદન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ ૩૫૧ મુજબ લેવામાં આવેલ છે જેમાં મોટા ભાગના પ્રશ્નો ખોટી વાત છે તેમ જણાવી વિશેષ માં આરોપી નિર્દોષ હોવાનુ હકીકત જણાવેલ છે.

(૪)**દલીલો :–**

અ) ***ફરીયાદપક્ષની દલીલ :–***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમાર ને સાંભળવામાં આવેલ છે તેઓની દલીલ છે કે આકામે તપાસવામાં આવેલ તમામ શાહેદોની જુબાની ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ તેનો કેસ નીશંક પણે પુરવાર કરેલ છે, તકઅએ તેની જુબાનીમાં પંચનામાની વિગતો જણાવેલ છે તેથી તથા ફરીયાદીની ફરીયાદ ને સમર્થનકારી જોવામાં આવે તો ફરીયાદ પક્ષ તેનો કેસ નીશંક પણે સાબીત કરેલ હોય આરોપીને દોષીત ઠરાવવા માંટે અરજ ગુજારેલ છે.

બ) ***બચાવપક્ષની દલીલ :–***

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી કે આર પટેલની દલીલ છે કે આરોપી પાસે થી મુદ્દામાલ મળી આવેલા ની હકીકત ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નથી, પંચો હોસ્ટાઈલ થયેલ છે, કોઈ સ્વતંત્ર શાહેદ તપાસવામાં આવેલ નથી, કોઈ એફ એસ એલ કરાવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ

નથી તેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ માં વિદેશી દારુ જ હતો તેવી કોઈ હકીકત સાબીત કરી શકેલ નથી તેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ હોય આરોપીઓને નીદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૫)** ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૦/૨૦૨૫ ના રોજ પરપ્રાંતમાંથી ભારતીય બનાવટનો ઇંગલીશ દારુનો જથ્થો ગુ.રા.પ્રોહી એરીયામાં વગર પાસ પરમીટે કુલ રૂા.૯૭,૩૭૦/- નો મુદ્દામાલ પોતાના કબજામાં રાખી લઇ જતા પકડાઇ જઇ પ્રોહી કલમ-૬૫ (ઇ), ૮૧ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**મુદા નં.-૧ ની ચર્ચા :-**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ -૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ તહોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક

પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૦૮) **<u>કાયદાની જોગવાઈઓ</u> :–**

ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે પ્રોહીબીશન એકટન ની કલમ ૬૫ઈ , ૮૧ મુજબનો આક્ષેપ છે. તો સૌપ્રથમ આ કલમ અંગે જોઈએ તો, વર્ષ ૨૦૧૬ માં અધ્યાદેશ લાવી આ કાયદામાં સુધારો લાવવામાં આવેલ છે.

**કલમ: ૬૫ઈ કેફી પદાર્થ અથવા ભાંગ ગાંજાના ગેરકાયદેસર આયાત વગેરે માટે શિક્ષા**

*જે કોઈ વ્યકિત આ અધિનીયમની જોગવાઈઓનુ કે તેની બે બનાવેલ નિયમો, નિયમનો અને હુકો અથવા તે નિચે અપાયેલ લાયસન્સ, પરમીટ, પાસ, અથવા અધીકાર પત્રની ભંગ કરી :*

*એ. XXX*

*બી. XXX*

*સી. XXX*

*ડી. XXX*

*ઈ. (અફીણ સિવાયનો બીજો) કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો કબજામાં રાખે, હેરફેર કરે, વેચે અથવા ખરીદે, અથવા*

*એફ. XXX*

*જી. XXX*

*તેને દોષીત ઠર્યે, આવા દરેક ગુના માટે,કેદ જે દશ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ, જે રૂ.પાંચ લાખ સુધી લંબાવી શકાશે તે સજા થશે.*

*એવી જોગવાઈ કરાવમાં આવે છે કે, ન્યાયાલયે ચુકાદામાં વિરુધ્ધના વિશિષ્ઠ અને પુરતા કારણો જણાવવામાના અભાવે –*

*(૧) પ્રથમ ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

*(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

*(૩) ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ પાંચ લાખ રુપિયા કરતા ઓછો ન હોવો જઈએ ;*

**પુરાવાનુ મુલ્યાંકન :** –

(૧૦) ઉપરોકત કલમો અન્વયે હાલના કેસમાં જોવામાં આવે તો, આ કેસમાં ફરીયાદીનો એવો આરોપ છે કે, આ કામનાં આરોપી પાસે થી પ્રોહીબીશન એકટ મુજબનો પ્રતિબંધીત દેશી દારુ આરોપીના કબજા કે ભોગવાટા માંથી ગેર કાયદેસર રીતે મળી આવેલ છે.

(૧૧) આ કામે પંચ શાહેદ ફરીયાદ પક્ષને સહેજ પણ સમર્થન આપતા નથી, પંચસાહેદોએ પોલીસ ધ્વારા એક તૈયાર પંચનામામાં સહી લીધાનું કબુલ કરે છે તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને આથી તેની જુબાનીથી પંચનામું સાબિત થતું નથી, જયારે ફરીયાદ પક્ષે આરોપી ના કબજા માંથી મુદ્દામાલ મળી આવેલાનુ સાબીત કરવા માટે પંચ શાહેદ તે મહત્વના શાહેદ છે અને તે મહત્વના શાહેદ જ ફરીયાદ પક્ષને સમર્થના આપતા નથી.

(૧૨) પોલીસ સાહેદોએ ગુનાની હકીકતોને સમર્થન આપેલ છે. તેમની ઉલટતપાસ જોતા તેમાં ગુનાવાળી જગ્યા વસ્તી ધરાવતો વિસ્તાર હોવાની હકીકત કબુલ રાખે છે. અને તેનો અર્થ એવો થાય છે કે બનાવ વાળી જગ્યાએ અન્ય સ્વતંત્ર શાહેદો ઉપલબ્ધ હતા તેમ છતા પણ આ કામે કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદનો લીધેલ નથી, આ કામે પોલીસને અગાઉ થી જ બાતમી હતી તેમ છતા પણ પંચો સીવાય અન્ય કોઈ સ્વતંત્ર શાહેદના નિવેદન લેવામાં આવેલ નથી.

(૧૩) આ કામે પ્રોહીબીશનનો પ્રતિબંધીત જથ્થો મળી આવેલ છે તે સ્થળ જાહેર છે અને પંચો પંચ નામાને સમર્થન કરતા નથી ત્યારે કહેવાતો મુદ્દામાલ મળી આવેલ છે તે આરોપીના કબજા ભોગવટામાંથી જ મળી આવેલ છે તેવી હકીકકત પુરવાર થતી નથી.

આમ, સમગ્ર પુરાવો જોતા, પંચો સમર્થન કરતા નહી હોય, કોઈ સ્વતંત્ર શાહેદના નિવેનો લીધેલ નહી હોય અને મળેલ મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટા માંથી જ મળી આવેલ છે તેમ સાબીત કરી શકેલ નહી હોય ફરીયાદપક્ષ આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૫ઈ, ૮૧ મુજબનો ગુનો નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપું છું અને મુદ્દા નં .૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

***-:: હુ ક મ ::-***

આ કામના આરોપી નં.**૧)વિનોદ ભુવનેશ્વર ગુપ્તા,** રહે.: હાલ.મ.નં.૦૮ અફસાનાની ચાલ કબ્રસ્થાન રોડ સી.એન.જી.ગેસ ડેપો પાસે વાપી. તા.વાપી, જિ.વલસાડ, મુળ રહે.નૌગાનગર-૪ ભુરીયા બાપા મંદિર પાસે થાના.રામનગર, તા.રામનગર, જિ.મૈયાર(એમ.પી.), **૨)રોશનીબેન વા/ઓ રજનીશભાઈ રમેશભાઈ હિંગળે,** રહે.: ઘર નં.૪૦, પ્રિયંકા ડીંડોલી ઉધના સુરતનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા- ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) મુજબ પોહીબીશન એકટ ની કલમ ૬૫(ઈ), ૮૧ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોનનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

મુદ્દામાલ દારૂ અપીલ સમય બાદ નાશ કરવા અર્થે પ્રવર્તમાન નિયમોનુસાર તેઓના ઉપરી અધિકારીની પરવાનગી મેળવી ઉપરી અધિકારીની હાજરીમાં નાશ કરવાનો રહેશે.

આરોપીઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(અ) અન્વયે વધુ છ માસના સમયગાળા સુધીના રૂ. ૧૫ ,૦૦૦/–ના જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૩ મી માર્ચ ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૩/૨૦૨૬
સુરત

(પંકજ રાઠોડ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
(જી.જે.૦૧૪૬૮)